એકતા • સેવા • સમૃદ્ધિ • આત્મનિર્ભરતા

# શ્રી અન્નપૂર્ણા ખોડલધામ

## સુરત

# શિક્ષણ અને સંસ્કાર – ઉજ્જવળ ભવિષ્ય અને સશક્ત સમાજનો પાયો"

સમાજનો સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે નવી પેઢીને **ઉત્તમ શિક્ષણ સાથે ઉત્તમ સંસ્કારો** પ્રાપ્ત થાય. જ્ઞાન વ્યક્તિને સફળ બનાવે છે, જ્યારે સંસ્કાર તેને જવાબદાર, ચારિત્ર્યવાન અને સમાજપ્રતિ સમર્પિત બનાવે છે.

**શ્રી અન્નપૂર્ણા ખોડલધામ – સુરત** શિક્ષણ, માર્ગદર્શન અને સંસ્કારના કેન્દ્ર તરીકે વિદ્યાર્થીઓ, યુવાનો અને પરિવારોને જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણા અને સહયોગ પૂરું પાડશે.

## શિક્ષણ પ્રેરણા અને માર્ગદર્શન કેન્દ્ર

- ધોરણ ૧૦ અને ૧૨ પછીના અભ્યાસનું માર્ગદર્શન
- સ્કોલરશિપ અને એજ્યુકેશન લોન માર્ગદર્શન
- વિદ્યાર્થી-વાલી માર્ગદર્શન સેમિનાર
- સફળ વ્યક્તિઓ સાથે પ્રેરણાત્મક સંવાદ
- સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્ર
  (GPSC, UPSC, PSI, પોલીસ ભરતી, JEE, NEET, GUJCET,CA, CS)
- આધુનિક ડિજિટલ લાઇબ્રેરી
- રીડિંગ હોલ
- ડિજિટલ લર્નિંગ સુવિધા
- પુસ્તક બેંક
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન
- ટેકનોલોજીકલ લીટરસી અને AI આધારિત શિક્ષણ

શિક્ષણ અને સંસ્કારની આ પ્રવૃત્તિઓ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ અને યુવાનોને **યોગ્ય દિશા, ગુણવત્તાસભર શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી, વ્યક્તિત્વ વિકાસ અને જીવનમૂલ્યોનું માર્ગદર્શન** મળશે.

આ જ પેઢી ભવિષ્યમાં **સમૃદ્ધ, સંગઠિત અને આત્મનિર્ભર પાટીદાર સમાજ**ના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

**"શિક્ષણથી જ્ઞાન... સંસ્કારથી ચારિત્ર્ય... અને બંનેથી આત્મનિર્ભર પાટીદાર સમાજ."**

## "આત્મનિર્ભરતા – સમૃદ્ધ, સશક્ત અને સ્વાવલંબી પાટીદાર સમાજ તરફનું સોનેરી સોપાન

સમાજની સાચી સમૃદ્ધિ ત્યારે જ શક્ય બને છે જ્યારે દરેક યુવાન, મહિલા, ખેડૂત અને પરિવાર પોતાની ક્ષમતાના આધારે **રોજગાર, સ્વરોજગાર, ઉદ્યોગ અને નવીનતાના ક્ષેત્રે આત્મનિર્ભર** બને.
**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** આધુનિક ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને કૃષિ નવીનીકરણ દ્વારા સમાજને આત્મનિર્ભર બનાવવાનું કેન્દ્ર બનશે.

- સ્કિલ ડેવલપમેન્ટ અને AI સેન્ટર - "નવી ટેક્નોલોજી... નવી તકો... નવું ભવિષ્ય" (AI-Artificial Intelligence, Computer અને Digital Skills તાલીમ)
- રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર
- ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ સેન્ટર -"નોકરી શોધનાર નહીં... રોજગાર સર્જનાર બનાવીએ"
  (Startup Support, MSME Registration Guidance, Bank Finance, Startup Networking અને Investor Connect)
- લઘુ ઉદ્યોગ અને સ્વરોજગાર વિકાસ કેન્દ્ર - "દરેક હાથને કૌશલ્ય... દરેક પરિવારમાં આવક" (મહિલા સ્વરોજગાર પ્રોજેક્ટ, Food Processing, Handicraft અને Traditional Products, Marketing અને Branding Support, E-Commerce Training)
- આધુનિક ખેતી માર્ગદર્શન અને ગૌ સેવા કેન્દ્ર - "ખેડૂત સમૃદ્ધ તો સમાજ સમૃદ્ધ" (કુદરતી અને ઓર્ગેનિક ખેતી, ગૌ સંવર્ધન અને ગૌ સેવા)
- સરકારી યોજના અને નાણાકીય માર્ગદર્શન કેન્દ્ર
  કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ, સબસિડી, ગ્રાન્ટ સહાય, ડિજિટલ સેવાઓ અને માર્ગદર્શન

આ પ્રવૃત્તિઓ દ્વારા સમાજના યુવાનોને **નવી ટેક્નોલોજી, આધુનિક કૌશલ્ય, રોજગાર અને ઉદ્યોગની તકો** પ્રાપ્ત થશે.
મહિલાઓને સ્વરોજગાર, ખેડૂતોને આધુનિક કૃષિ અને ઉદ્યોગપતિઓને નવી વ્યવસાયિક તકો મળશે.
આત્મનિર્ભર પરિવારો મળીને આત્મનિર્ભર સમાજનું નિર્માણ કરશે, **જ્યાં બેરોજગારી ઘટશે, આવક વધશે, ઉદ્યોગો વિકસશે અને નવી પેઢી વૈશ્વિક સ્પર્ધામાં સફળતા પ્રાપ્ત કરશે.**

**"કૌશલ્યથી ક્ષમતા... ક્ષમતાથી સ્વરોજગાર... સ્વરોજગારથી સમૃદ્ધિ... અને સમૃદ્ધિથી આત્મનિર્ભર પાટીદાર સમાજ."**

**" યુવાન કુશળ... પરિવાર સ્વાવલંબી... દરેક પાટીદાર આત્મનિર્ભર."**

## મંદિર સાથે એક વિશ્વસ્તરીય પાટીદાર સમાજ વિકાસ કેમ્પસ

**"માત્ર મંદિર નહી... પાટીદાર સમાજના સર્વાંગી વિકાસનું પ્રેરણાધામ."**

**વિઘાના વિશાળ પરિસરમાં નિર્માણ પામનાર શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ - સુરત આધ્યાત્મિકતા, શિક્ષણ, સેવા અને આત્મનિર્ભરતાનું અનોખું કેન્દ્ર બનશે.**

### આ સમગ્ર કેમ્પસમાં...

- ભવ્ય શ્રી અન્નપૂર્ણા ખોડલ મંદિર
- વિશાળ યજ્ઞશાળા, મહા સભા મંડળ અને સત્સંગ ભવન
- ધાર્મિક ઉત્સવ મેદાન
- ભક્ત નિવાસ
- વડીલ સેવાધામ
- માતૃવંદના કેન્દ્ર
- અન્નપુર્ણા અન્નક્ષેત્ર
- આરોગ્ય સંસ્કાર કેન્દ્ર
- Skill Development & AI Centre
- બહુહેતુક સમાજ ભવન
- શિક્ષણ – સંસ્કાર ભવન
- Digital લાયબ્રેરી અને જ્ઞાન કેન્દ્ર
- Entrepreneurship & Startup Centre
- આધુનિક ખેતી અને ગૌ સેવા કેન્દ્ર
- પાટીદાર સમાજ ભવન (મલ્ટી પર્પસ હોલ)
- સંશોધન અને સેવા કેન્દ્ર
- સ્પર્ધાત્મક પરીક્ષા ભવન
- ગૌશાળા અને આધુનિક ખેતી માર્ગદર્શન કેન્દ્ર
- ગાર્ડન અને જળાશય
- Sports & Youth Development Centre
- આધુનિક ગાર્ડન
- વિશાલ Parking અને Visitor Facilities

**આ કેમ્પસ માત્ર ઈમારતોનો સમૂહ નહીં,**

**પરંતુ જીવનના દરેક તબક્કે સમાજને ઉપયોગી બને તેવી જીવંત વ્યવસ્થા હશે.**

# VISION STATEMENT

૨૦૩૫ સુધીમાં શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ - સુરતને વિશ્વના પાટીદાર સમાજ માટે આસ્થા, એકતા, સેવા, શિક્ષણ, સંસ્કાર અને આત્મનિર્ભરતાનું અગ્રણી પ્રેરણાધામ બનાવી, સમાજની દરેક પેઢીના સર્વાંગી વિકાસ માટે સમર્પિત કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો અમારો અડગ સંકલ્પ છે."

**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત**ને માત્ર ગુજરાતનું નહીં, પરંતુ **વિશ્વના પાટીદાર સમાજ માટે આસ્થા, શિક્ષણ, સેવા, સંસ્કાર અને આત્મનિર્ભરતાનું અગ્રણી કેન્દ્ર** બનાવવાનો અમારો સંકલ્પ છે.

## 2035 સુધીના અમારા લક્ષ્યાંકો

### પાટીદાર સમાજનું જોડાણ

1,00,000+ પાટીદાર પરિવારોનું જોડાણ

દેશ-વિદેશના પાટીદારો માટે એક સંકલિત પ્લેટફોર્મ

### શિક્ષણ

50,000+ વિદ્યાર્થીઓને શિક્ષણ અને કારકિર્દી માર્ગદર્શન

1,000+ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અને સહાય

### મહિલા સશક્તિકરણ

3,000+ બહેનોને કૌશલ્ય વિકાસ અને સ્વરોજગાર તાલીમ

### આત્મનિર્ભરતા

5,000+ યુવાનોને Skill Development અને AI Training

2,000+ યુવાનોને રોજગાર અને કારકિર્દી સહાય

500+ નવા Startup અને ઉદ્યોગોને માર્ગદર્શન

### કૃષિ

1,000+ ખેડૂતોને આધુનિક ખેતી અને ટેક્નોલોજી માર્ગદર્શન

### સેવા :

365 દિવસ સેવાકીય અને સમાજ વિકાસની પ્રવૃત્તિઓ

## અમારો સંકલ્પ...

પાટીદાર સમાજે પોતાની અવિરત મહેનત, પરિશ્રમ અને સંઘર્ષના બળે ખેતીથી શરૂઆત કરીને ઉદ્યોગ, વેપાર, શિક્ષણ અને વિશ્વના અનેક દેશોમાં સફળતાની ગૌરવગાથા સર્જી છે. સમાજે આર્થિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

હવે સમય છે કે આ સફળતાને પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે સમર્પિત કરીએ. આવનારી પેઢીને ઉત્તમ શિક્ષણ, ઉચ્ચ સંસ્કાર, આત્મનિર્ભરતા, રોજગારીની તકો અને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરી શકીએ તે માટે એક સશક્ત સામાજિક માળખું ઊભું કરવું એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે.

**આસ્થા દ્વારા એકતા... | એકતા દ્વારા સેવા... | સેવા દ્વારા સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા...**

આ પવિત્ર ધ્યેયને સાકાર કરવા માટે શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરતના ભવ્ય નિર્માણનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ ધામ માત્ર આસ્થાનું કેન્દ્ર નહીં, પરંતુ સમાજની એકતા, સેવા, શિક્ષણ, સંસ્કાર, સ્વાવલંબન અને સર્વાંગી વિકાસનું પ્રેરણાધામ બની, પાટીદાર સમાજની આવનારી પેઢી માટે ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો બનશે.

**"ચાલો... આસ્થા સાથે જોડાઈએ, એકતા સાથે આગળ વધીએ, સેવા દ્વારા સમાજને સમૃદ્ધ બનાવીએ અને આત્મનિર્ભર પાટીદાર સમાજના નિર્માણમાં સહભાગી બનીએ."**

# પાટીદાર એકતાનું કેન્દ્ર



### આસ્થા

શ્રી અન્નપુર્ણા
ખોડલમાતાની
આરાધના
ભજન, સત્સંગ, યજ્ઞ,
રથ યાત્રા, આરતી રથ,
ધાર્મિક ઉત્સવ

### એકતા

પરિવાર-સમાજ મિલન,
પ્રતિભા સન્માન,
વૈશ્વિક પાટીદાર જોડાણ
બિઝનેસ અને પ્રોફેશનલ
નેટવર્કિંગ
આધુનિક ખેતીની માહિતી
અને ગૌ સેવા કેન્દ્ર

### સેવા

વડીલ સેવા ધામ,
મહિલા અને ગંગા સ્વરૂપ
બહેનોનું સેવા ધામ,
આરોગ્ય સેવા,
અન્નક્ષેત્ર,

### શિક્ષણ - સંસ્કાર

શિક્ષણ માટે પ્રેરણા
અને માર્ગદર્શન,
ડિજિટલ લાઇબ્રેરી,
પુસ્તક બેંક,
GPSE, UPSE,JEE,NEET,
જેવી પરીક્ષાની તૈયારી,
સરકારી યોજના અને
લાભો માટેનું માર્ગદર્શન
કેન્દ્ર

### આત્મનિર્ભરતા

સ્કીલ ડેવેલપમેન્ટ,
રોજગારી,
નવા સ્ટાર્ટઅપ,
લઘુ ઉધોગ,
સ્વરોજગાર

**સમૃદ્ધ અને આત્મનિર્ભર પાટીદાર સમાજ**

# આસ્થા – સમાજને જોડતી અને સંસ્કારોને જીવંત રાખતી શક્તિ

## અમારો ધ્યેય

આસ્થા દ્વારા સમાજને એક સૂત્રમાં બાંધવો, સંસ્કારોનું સિંચન કરવું અને આવનારી પેઢીને ભારતીય સંસ્કૃતિ સાથે જોડીને સમૃદ્ધ અને આત્મનિર્ભર સમાજના નિર્માણ માટે પ્રેરિત કરવો.

**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** માત્ર એક મંદિર નહીં, પરંતુ સમાજને આધ્યાત્મિક રીતે જોડતું અને નવી પેઢીમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરતું પવિત્ર કેન્દ્ર બનશે.

- શ્રી અન્નપૂર્ણા ખોડલમાતાની આરાધના અને વિશેષ અનુષ્ઠાન
- સત્સંગ અને ધર્મસભા
- સંતવાણી અને પ્રેરણાત્મક પ્રવચનો
- સામૂહિક યજ્ઞ
- ખોડલમાતા રથયાત્રા
- આરતી રથ
- ધાર્મિક ઉત્સવોનું આયોજન
- યોગ શિબિર, ધ્યાન અને પ્રાણાયામ
- ગીતા અને શાસ્ત્ર અધ્યયન

**આસ્થા દ્વારા આધ્યાત્મિક જાગૃતિ, ભારતીય સંસ્કારોનું સિંચન અને પરસ્પર એકતાની ભાવના મજબૂત બનશે.**

# "સેવા – સમૃદ્ધ અને સંવેદનશીલ સમાજ નિર્માણનો આધારસ્તંભ"

સમાજની સાચી સમૃદ્ધિ માત્ર આર્થિક વિકાસથી નહીં, પરંતુ સેવા, સહકાર અને પરસ્પર સહભાગિતાની ભાવનાથી સર્જાય છે.
**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** સમાજના દરેક પાટીદાર સુધી સેવા પહોંચાડીને માનવતાનું જીવંત કેન્દ્ર બનવાનો સંકલ્પ ધરાવે છે.

## અમારા સેવાકીય કાર્યો

- વડીલોનું સન્માન પૂર્વકનું નિવાસસ્થાન
- ગંગાસ્વરૂપ બહેનો માટે સહાય સાથે આત્મનિર્ભરતા.
- આરોગ્ય ચકાસણી કેમ્પ (નિઃશુલ્ક મેડિકલ કેમ્પ)
- અન્નપૂર્ણા અન્નક્ષેત્ર -નિઃશુલ્ક ભોજન સેવા-"કોઈ ભૂખ્યું ન રહે – એ જ સાચી સેવા"
- જરૂરિયાતમંદ પરિવારોને અન્ન સહાય
- યાત્રાળુઓ માટે ભોજન વ્યવસ્થા
- કુદરતી આપત્તિમાં રાહત કામગીરી
- જરૂરિયાતમંદ પરિવારોને તાત્કાલિક સહાય

આ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વડીલોને સન્માન, બહેનોને સ્વાભિમાન, જરૂરિયાતમંદોને સહાય અને દરેક પરિવારને વિશ્વાસ મળશે કે **શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** તેમના સુખ-દુઃખનો સાચો સહયાત્રી છે.

સેવાની આ ભાવના સમાજમાં પરસ્પર વિશ્વાસ, ભાઈચારો, કરુણા અને સામાજિક જવાબદારી વિકસાવશે, જે સમૃદ્ધ અને આત્મનિર્ભર પાટીદાર સમાજના નિર્માણ માટે મજબૂત પાયો બનશે.

**“સેવા એ માત્ર સહાય નથી, પરંતુ સમાજ પ્રત્યેની આપણી જવાબદારી છે."**

**"જ્યાં નિઃસ્વાર્થ સેવા છે, ત્યાં સમૃદ્ધ અને આત્મનિર્ભર સમાજનું નિર્માણ નિશ્ચિત છે.”**

## "એકતા – સશક્ત, સંગઠિત અને સમૃદ્ધ પાટીદાર સમાજનો આધારસ્તંભ"

પાટીદાર સમાજની સૌથી મોટી તાકાત તેની **એકતા, સંગઠન અને પરસ્પર સહયોગ** છે. જ્યારે સમગ્ર સમાજ એક મંચ પર જોડાય છે ત્યારે સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની નવી તકો સર્જાય છે.

**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** પાટીદાર સમાજના દરેક પરિવાર, ગામ, શહેર, રાજ્ય અને વિશ્વભરના પાટીદારોને એક સૂત્રમાં બાંધી, પરસ્પર વિશ્વાસ, સહયોગ અને ભાઈચારાની ભાવના મજબૂત બનાવવાનું કાર્ય કરશે.

## "પરિચયથી વિશ્વાસ... વિશ્વાસથી એકતા..."

- પરિવાર મિલન સમારોહ
- યુવા અને મહિલા સંમેલન
- પ્રતિભા સન્માન સમારોહ
- વૈશ્વિક પાટીદાર જોડાણ ("વિશ્વના પાટીદારો – એક પરિવાર")
- વૈશ્વિક પ્રતિભાઓ સાથે સંવાદ
- બિઝનેસ અને પ્રોફેશનલ નેટવર્ક ("એકબીજાના અનુભવથી સૌની પ્રગતિ")
- બિઝનેસ મીટ અને B2B Connect
- નવા ઉદ્યોગો માટે સહયોગ

એકતા દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત વ્યક્તિઓ, ઉદ્યોગપતિઓ, યુવાનો, ખેડૂતો, પ્રોફેશનલ્સ અને વિશ્વભરના પાટીદારો એકબીજા સાથે જોડાશે. આ પરસ્પર જોડાણથી **વિશ્વાસ, સહયોગ, જ્ઞાનનું આદાન-પ્રદાન, નવા અવસરો અને સામૂહિક વિકાસ**નો માર્ગ ખુલશે.

સંગઠિત સમાજ પોતાની સમસ્યાઓનો ઉકેલ વધુ અસરકારક રીતે લાવી શકે છે અને આવનારી પેઢી માટે વધુ મજબૂત, સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે.

**"એકતા એ સમાજની સૌથી મોટી શક્તિ છે."**

**"જોડાઈએ... સહકાર વધારીએ... સંગઠિત બનીએ... અને સમૃદ્ધ પાટીદાર સમાજનું નિર્માણ કરીએ."**

# "સેવા – સમૃદ્ધ અને સંવેદનશીલ સમાજ નિર્માણનો આધારસ્તંભ"

સમાજની સાચી સમૃદ્ધિ માત્ર આર્થિક વિકાસથી નહીં, પરંતુ સેવા, સહકાર અને પરસ્પર સહભાગિતાની ભાવનાથી સર્જાય છે.
**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** સમાજના દરેક પાટીદાર સુધી સેવા પહોંચાડીને માનવતાનું જીવંત કેન્દ્ર બનવાનો સંકલ્પ ધરાવે છે.

## અમારા સેવાકીય કાર્યો

- વડીલોનું સન્માન પૂર્વકનું નિવાસસ્થાન
- ગંગાસ્વરૂપ બહેનો માટે સહાય સાથે આત્મનિર્ભરતા.
- આરોગ્ય ચકાસણી કેમ્પ (નિઃશુલ્ક મેડિકલ કેમ્પ)
- અન્નપૂર્ણા અન્નક્ષેત્ર -નિઃશુલ્ક ભોજન સેવા-"કોઈ ભૂખ્યું ન રહે – એ જ સાચી સેવા"
- જરૂરિયાતમંદ પરિવારોને અન્ન સહાય
- યાત્રાળુઓ માટે ભોજન વ્યવસ્થા
- કુદરતી આપત્તિમાં રાહત કામગીરી
- જરૂરિયાતમંદ પરિવારોને તાત્કાલિક સહાય

આ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વડીલોને સન્માન, બહેનોને સ્વાભિમાન, જરૂરિયાતમંદોને સહાય અને દરેક પરિવારને વિશ્વાસ મળશે કે **શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરત** તેમના સુખ-દુઃખનો સાચો સહયાત્રી છે.

સેવાની આ ભાવના સમાજમાં પરસ્પર વિશ્વાસ, ભાઈચારો, કરુણા અને સામાજિક જવાબદારી વિકસાવશે, જે સમૃદ્ધ અને આત્મનિર્ભર પાટીદાર સમાજના નિર્માણ માટે મજબૂત પાયો બનશે.

**"સેવા એ માત્ર સહાય નથી, પરંતુ સમાજ પ્રત્યેની આપણી જવાબદારી છે."**

**"જ્યાં નિઃસ્વાર્થ સેવા છે, ત્યાં સમૃદ્ધ અને આત્મનિર્ભર સમાજનું નિર્માણ નિશ્ચિત છે."**

## ચાલો...આપણે માત્ર દર્શક નહીં, ઈતિહાસના નિર્માતા બનીએ...



## ચાલો...આપણે માત્ર દર્શક નહીં, ઈતિહાસના નિર્માતા બનીએ...

**ચાલો...**

માત્ર સહયોગી નહીં, આ મહાયજ્ઞના સહયાત્રી બનીએ...

**ચાલો...**

આપણી આસ્થા, એકતા, સેવા અને સંસ્કારોને

**શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામ – સુરતના ભવ્ય સ્વરૂપમાં સાકાર કરીએ...**

કારણ કે...

આજે આપણે માત્ર એક મંદિરનું નિર્માણ નથી કરી રહ્યા,

પરંતુ આવનારી અનેક પેઢીઓ માટે આસ્થા, શિક્ષણ, સેવા, સંસ્કાર અને આત્મનિર્ભરતાનું અમર તીર્થધામ બનાવી રહ્યા છીએ.

**ચાલો...**

આપણી આવનારી પેઢીઓ ગૌરવથી કહી શકે કે...

“આ ભવ્ય **શ્રી અન્નપૂર્ણા ખોડલ ધામના** નિર્માણમાં

અમારા પરિવારનું પણ યોગદાન છે." એવી અમર વિરાસતનું સર્જન કરીએ...

જેનો ગૌરવ માત્ર આપણે નહીં, પરંતુ આવનારી અનેક પેઢીઓ પણ અનુભવશે.